# Day to Day Current Affairs

૨૦ જાન્યુઆરી-૨૦૧૫ મંગળવાર

**૧) 'હ્રદય યોજના' :**

- કેન્દ્ર સરકારની " હ્રદય યોજના' હેઠળ દ્વારકાને ૨૦ કરોડના ખર્ચે હેરિટેજ સીટિ તરીકે વિકસાવાશે.

- કેન્દ્ર સરકારે રૂ.૨૪૦ કરોડના ખર્ચે દેશના ૧૨ શહેરોને આ યોજના હેઠળ હેરીટેજ સીટિ તરીકે વિકસાવવાનું નક્કી ક્ર્યું છે.

- આ શહેરો પૈકી ગુજરાતના દ્વારકાનો સમાવેશ થાય છે.

- કેન્દ્ર સરકારની આ ગ્રાન્ટથી દ્વારકામાં રસ્તા,પાણી,ગટર,શૌચાલય,સીસીટીવી કેમેરા અને વાઇ-ફાઇની સવલતો ઉભી થશે.

**૨) ૨૦ જાન્યુઆરી :**

- ખાન અબ્દુલા ગફારખાની ૨૭મી પૂણ્યતિથિ

- 'સરહદના ગાંધી' તરીકે ઓળખાતાં.

**3) પહલાજ નિહલાની :**

- ફિલ્મનિર્માતા પહલાજ નિહલાની સેન્સરબોર્ડના નવા અધ્યક્ષ બન્યા.

- નિહલાનીનો અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે.

**૪) " ચિત્રકુટ એવોર્ડ" :**

- રાજ્યના ૧૧ શિક્ષકોને આજે ૨૦ જાન્યુઆરીના મોરારીબાપુના હસ્તે "ચિત્રકુટ એવોર્ડ" થી સન્માન કરાશે.

- ઇનામ : સન્માનપત્ર, શાલ, રામનામી તેમજ રૂપિયા અગિયાર હજારની પુરસ્કાર રાશી સાથે સન્માન કરવામાં આવે છે.

- ચિત્રકુટ એવોર્ડ વર્ષ ૨૦૦૦થી પ્રતિવર્ષ જાન્યુઆરી માસમાં તલગાજરડા (તા-મહુવા) ખાતે પૂ.મોરારીબાપુ દ્વારા ૧૧ પ્રાથમિક શિક્ષક ભાઇઓ-બહેનોને એનાયત કરવામાં આવે છે.

**૫) 'પાપડ', 'ખીમા' જેવા શબ્દોને ઓક્સફર્ડની નવી એડિશનમાં સ્થાન :**

- ઓક્સફર્ડ એડવાન્સ લર્નરની લોન્ચ થયેલી નવમી એડિશનમાં ભારતીય રસોડામાં બનાવવામાં આવતા ખીમા અને પાપડ જેવા શબ્દોને સ્થાન મળ્યું.

- તે સિવાય કુલ ૨૪૦ જેટલા ભારતીય શબ્દો આ એડિશનમાં ઉમેરવામાં આવ્યા છે.

**૬) લિકર પરમિટ :**

- વડોદરા અને ભુજના એરપોર્ટ ઉપરથી હવે લિકર પરમિટ મળી શકશે.

- ગુજરાત સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો.

- અગાઉ મા   અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી પ્રવાસીઓને લિકર પરમિટ મળે તેવી સુવિધા હતી.

**૭) ડિયોન્ટે વાઇલ્ડર : હેવિવેઇટ બોકસર**

- અમેરીકાના આ હેવિવેઇટ બોકસરે ડબલ્યુબીસી હેવિવેઇટ ચેમ્પિયનશિપનું ટાઇટલ જીતી લીધું.

- હરીફ : બેરમેન સ્ટિવર્ન (કેનેડા)

**૮) ફ્રેન્ક ઇસ્લામ :**

- ભારતીય અમેરીકા દાનવીર ફ્રેન્ક ઇસ્લામને અમેરીકામાં માર્ટીન લ્યુથર કિંગ એવોર્ડ અપાયો.

- જન્મ : ભારતના આઝમગઢમાં થયો હતો.

**૯) રજની કોઠારી :**

- જાણીતા રાજકીય તજજ્ઞ તેમજ લેખક રજની કોઠારીનું અવસાન.

- તેમણે ' સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપીંગ સોસાયટી' (સીએસડીએસ) ની સ્થાપના કરી હતી.

- તેમણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીખાતેથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.